અપીલ અરજી નં.૪૨૧ તા.૨૬–૨–૧૦

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૧–૧–૧૦ ની અરજીથી (૧) જુની. ઈજનેર આશિષ ગાંધી જયારથી સાઉથઝોન (ઉધના) માં ફરજ પર જોડાયા ત્યારથી લઈને અત્યાર સુધીમાં તેમણે કેટલા ગેરકાયદે ઉભા થયેલા બાંધકામો બાબતે બાંધકામધારકોને શો–કોઝ નોટીસો આપેલ છે તથા કેટલા બાંધકામધારકોને એન્ટ્રીનોટીસો આપેલ છે? ( શો–કોઝ નોટીસો તથા એન્ટ્રીનોટીસોની નકલો સહિતની વિગતો આપશો)(૨) ઉપરોકત નોટીસો આપ્યા બાદ તેમાંના કેટલા બાંધકામો હાલમાં વિના પરમીશને ઉભા થયેલા જોવા મળી રહયા છે? (બાંધકામ ધારકોના નામ,સરનામા તથા નોટીસ આપ્યા તારીખ સહિતની વિગતવાર માહિતી) આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૬–૨–૧૦ ની અપીલ અરજી નં.૪૨૧/૨૦૦૯–૧૦

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૧–૧–૧૦ ની અરજીથી (૧) જુની. ઈજનેર આશિષ ગાંધી જયારથી સાઉથઝોન (ઉધના) માં ફરજ પર જોડાયા ત્યારથી લઈને અત્યાર સુધીમાં તેમણે કેટલા ગેરકાયદે ઉભા થયેલા બાંધકામો બાબતે બાંધકામધારકોને શો–કોઝ નોટીસો આપેલ છે તથા કેટલા બાંધકામધારકોને એન્ટ્રીનોટીસો આપેલ છે? ( શો–કોઝ નોટીસો તથા એન્ટ્રીનોટીસોની નકલો સહિતની વિગતો આપશો) (૨) ઉપરોકત નોટીસો આપ્યા બાદ તેમાંના કેટલા બાંધકામો હાલમાં વિના પરમીશને ઉભા થયેલા જોવા મળી રહયા છે? (બાંધકામ ધારકોના નામ,સરનામા તથા નોટીસ આ પ્યા તારીખ સહિતની વિગતવાર માહિતી) આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૨૩ તા.૬–૩–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૧૭૪/એ તા.૨૨–૩–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/ટેક/૧૭૪ તા.૨૨–૩–૧૦ ની નકલ, તેમજ ટીપી–૧ (ઉધના મજુરા)ના રેકર્ડ મુજબ વિના પરમીશને ઉભા થયેલા બાંધકામોની યાદીની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૧–૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ છે. જેના અનુસંધાનેજાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૭૪ તા.૨૨–૩–૧૦ થી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (૧) જુની. ઈજનેર આશિષ ગાંધી જયારથી સાઉથઝોન (ઉધના) માં ફરજ પર જોડાયા ત્યારથી લઈને અત્યાર સુધીમાં તેમણે કેટલા ગેરકાયદે ઉભા થયેલા બાંધકામો બાબતે બાંધકામધારકોને શો–કોઝ નોટીસો આપેલ છે તથા કેટલા બાંધકામધારકોને એન્ટ્રી નોટીસો આપેલ છે? ( શો–કોઝ નોટીસો તથા એન્ટ્રીનોટીસોની નકલો સહિતની વિગતો આપશો) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સાઉથઝોન (ઉધના)માં જુ.ઈજનેર શ્રી આશિષ ગાંધીના ફરજકાળના તા.૧–૮–૦૮ થી તા.૨૧–૧–૧૦ ના સમય દરમ્યાન ઉપલબ્ધ રેકર્ડ મુજબ કુલ ૧૨૨ બાંધકામ ધારકોને શોકોઝ નોટીસ તથા નવા બાંધકામ ધારકોને તાકીદની નોટીસ આપવામાં આવેલ છે. તેવી માહિતી પૂરી પાડેલ છે. (૨) ઉપરોકત નોટીસો આપ્યા બાદ તેમાંના કેટલા બાંધકામો હાલમાં વિના પરમીશને ઉભા થયેલા જોવા મળી રહયા છે? (બાંધકામ ધારકોના નામ,સરનામા તથા નોટીસ આપ્યા તારીખ સહિતની વિગતવાર માહિતી) આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપરોકત નોટીસો આપ્યા બાદ અત્રે ઉપલબ્ધ રેકર્ડ મુજબ વિના પરમીશને ઉભા થયેલા બાંધકામોની વિગતોની યાદી પૂરી પાડવામાં આવેલ છે. જે લગભગ ૨૫ પાનામાં છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,